# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13/10/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

---

1. **ગાંધીનગર મહાનગર પાલિકા સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું આજે પરિણામ જાહેર થશે.**
2. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદમાં 158 શરણાર્થીઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાશે.**
3. **શંકાસ્પદ કપાસિયા ખોળ મળી આવતાં કડી તાલુકાના ચાર વેરહાઉસ સીલ કરાયા - નમૂના પરીક્ષણ માટે મોકલાયાં.**
4. **અરવલ્લીમાંથી 43 લાખ કરતાં વધુની કિંમતના 86 કિલો જેટલા છોડ સાથે એકની ધરપકડ.**
5. **અમદાવાદ ખાતે રમાઇ રહેલી રણજી ટ્રોફીની ઓડિશા સામેની મેચમાં ગુજરાતની સ્થિતી મજબૂત.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# LOCAL BODY ELECTION RESULTS

રાજ્યમાં ગાંધીનગર મહાનગર પાલિકા અને થરા તેમજ ઓખા નગરપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આજે પરિણામો જાહેર થશે. ગાંધીનગરની 11 વોર્ડની 44 બેઠકો માટે પણ સવારે નવ વાગે મતગણતરી શરૂ થશે. સલામતીની ચુસ્ત વ્યવસ્થા વચ્ચે આજે મતગણતરી થશે. બપોર સુધીમાં તમામ પરિણામો જાહેર થાય તેવી શક્યતા છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા નગરપાલિકા અને થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ખેરાલુ નગરપાલિકાની 1 બેઠક, છોટાઉદેપુર નગરપાલિકાની 1 બેઠક, બાયડ નગરપાલિકાની 1 બેઠક, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની 1 બેઠક, પડધરી તાલુકા પંચાયતની 1 બેઠક સહિતની ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણીઓ 11મી ઓક્ટોબરના રોજ યોજાઇ હતી.

# INDIAN CITEZENSHIPS HARSH SANGHVI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આજે સોલા સ્થિત સાલ ઇન્સ્ટિટ્યૂટ ખાતે 'ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહ' યોજાશે.

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાનારા આ 'ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહમાં CAA અંતર્ગત 126 અને કલેક્ટર કચેરી મારફતે નોંધાયેલા 32 મળીને કુલ 158 શરણાર્થીઓને નાયબ મુખ્યમંત્રી અને અન્ય અગ્રણીઓ ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરશે.

આ પ્રસંગે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી દર્શના વાઘેલા, શહેરના મેયર તથા સાંસદો, ધારાસભ્યો ઉપસ્થિત રહેશે. વર્ષ 2017થી 2025 સુધીમાં 1200થી વધુ અરજદારોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર આપીને અમદાવાદ જિલ્લો સમગ્ર દેશમાં મોખરે રહ્યો છે.

# WAGHANI PASHU AHAR DARODA

મહેસાણાના કડી વિસ્તારમાં વિવિધ વેરહાઉસો પર અચાનક સંયુક્ત તપાસ હાથ ધરી શંકાસ્પદ કપાસિયા ખોળનો મોટો જથ્થો સીલ કરવામાં આવ્યો છે. રાજ્યમાં તાજેતરમાં જ પશુઓના આહારની ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે નવો કાયદો ઘડાયો છે, ત્યારે સરકારે ભેળસેળિયાઓ સામે કડક કાર્યવાહીનો પ્રારંભ કરી દીધો છે.

મળેલી માહિતાના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું પશુપાલન મંત્રી જીતુ વાઘાણીએ કહ્યુ હતું.

## BYTE: JITU VAGHANI, MINISTER OF ANIMAL HUSBANDRY

*(એક શુભમ લોજિસ્ટિક વેરહાઉસ છે, એમાં પણ એ રેડ કરવામાં આવીને લગભગ ૧ લાખ ૫૮ હજાર ૫૦૦ થી વધુ બેગ એ શંકાસ્પદ જથ્થો એ આમાં મળેલો. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ, પશુપાલન વિભાગની ટીમો, વૈજ્ઞાનિક પદ્ધતિથી અલગ-અલગ શંકાસ્પદ સેમ્પલો એ આમાં લેવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસની અંદર લીંચ ખાતે આવેલ વેરહાઉસમાં ૨૫ કરોડની થી પણ વધારે કિંમતનો આશરે ૬૩.૪૧ લાખ કિલોગ્રામનો જથ્થો એ ભેળસેળયુક્ત જણાય છે)*

# PM DHAN DHANYA YOJNA AWARD

પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજનામાં રાજ્યના ત્રણ જિલ્લાઓને રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ પ્રાપ્ત થયા છે. કચ્છને બેટર ગવર્નન્સ અને સર્વિસ ડિલેવરી માટે તથા દાહોદ અને છોટાઉદેપુરને ઈમ્પ્રુવિંગ ઈરિગેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે એવોર્ડ એનાયત થયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવોર્ડ બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ યોજનાનું એક વર્ષ પૂર્ણ થતાં નવી દિલ્હીમાં યોજાયેલા સમારોહમાં કચ્છ, છોટા ઉદેપુર અને દાહોદને યોજનાના અમલમાં શ્રેષ્ઠતા માટેના એવોર્ડ કેન્દ્રિય કૃષિમંત્રીના હસ્તે અર્પણ કરાયા હતાં.

# ARVALLI GANJO

અરવલ્લીના શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ગલીસેમરો ગામે ખેતરમાં વાવેતર કરાયેલા ગાંજાના **169** લીલા છોડ મળી આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, છોડનું કુલ વજન **86** કિલો **250** ગ્રામ અને અંદાજિત કિંમત **43** લાખ **12** હજાર **500** રૂપિયા છે.

ચોક્કસ બાતમીના આધારા ગલીસેમરો ગામે પોલિસે રેડ કરીને એક શખ્સને ઝડપી પાડી, એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

## BYTE: MANOHARSINH JADEJA, SP ARAVALLI

*(એક અનિલ ડામોર કરીને છે, એણે પોતાના ખેતરમાં ગાંજો વાવેલો છે અને ત્યાં રેડ કરતાં એના ખેતરમાં અલગ-અલગ જગ્યાએ અમુક ધાન્ય પાકોની વચ્ચે એણે ગાંજાના છોડ વાવેતર કરેલું. પોલીસે ટોટલ ૧૬૯ છોડ, ૮૬ કિલો જેટલો લીલો ગાંજો કબજે કર્યો છે, જેની કિંમત અત્યારે ૪૫ લાખ જેટલી થાય છે અને આ અનિલ ડામોરને અમે અરેસ્ટ કર્યો છે. આગળની જે પૂછપરછ અને જે ઇન્વેસ્ટિગેશનની કામગીરી છે, એ આગળ કરી રહ્યા છે.)*

# CM IAS WIVES GARBA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આઈ.એ.એસ. વાઈવ્સ વેલફેર એસોશિએશન દ્વારા ગાંધીનગરમાં યોજાયેલા નવરાત્રી ગરબા ઉત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા અને માં આદ્યશક્તિની આરતી આરાધના કરી હતી. આદ્યશક્તિની આરાધનાના નવરાત્રી પર્વમાં દર વર્ષેની જેમ આ વર્ષે પણ આઈ.એ.એસ. વાઈવ્સ વેલફેર એસોશિએશન દ્વારા ગરબા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય સચિવ એમ.કે. દાસ અને આઈ.એ.એસ. વાઈવ્સ વેલફેર એસોશિએશનના પ્રમુખ સી.વી. સોમ અને ચંન્દ્રાણી સોમ, વરિષ્ઠ સચિવો તેમજ એસોશિએશનના અન્ય પદાધિકારીઓએ મુખ્યમંત્રીનો આ ગરબા ઉત્સવમાં સત્કાર કર્યો હતો.

# BHAVNAGAR-POLICE

ભાવનગરમાં નવરાત્રીના બંદોબસ્ત દરમિયાન ફરજ પર ગેરહાજર રહેનાર પોલીસ કર્મચારીઓ સામે જિલ્લા પોલીસ વડાએ કડક કાર્યવાહી કરી છે.

નવરાત્રીના તહેવાર દરમિયાન બંદોબસ્તમાં બેદરકારી દાખવનાર નીલમબાગ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે ચાર હોમગાર્ડ જવાનોને સેવામાંથી દૂર કરવામાં આવ્યા છે. ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેએ આ તમામ સામે કાર્યવાહીનો હુકમ કર્યો છે.

# SEVA SANKALP ABHIYAN MISSION LIFE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ થયા છે. તે અંગેની અમારી આ વિશેષ શ્રેણીમાં આજે અમે આપને જણાવીશું મિશન લાઈફ વિશે.

**(CAPSULE: PRAVESH ADIACHA)**

*(... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2022માં સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતેથી મિશન લાઇફ એટલે કે, પર્યાવરણ માટે જીવનશૈલીનો શુભારંભ કરાવ્યો હતો. તેનો ઉદ્દેશ સ્થિરતા તરફના આપણા સામૂહિક અભિગમને બદલવા ત્રિપાંખિયા વ્યૂહને અનુસરવાનો, પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી અપનાવીને કુદરતી સંસાધનોનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો તેમજ આબોહવા પરિવર્તન સામે લડવાનો છે. આ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ભારત આજે સમગ્ર વિશ્વમાં પ્રગતિ અને પ્રકૃતિ વચ્ચે સંતુલનનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે.*

***(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)***

*મિશન લાઈફમાં સમાવિષ્ટ સાત મુદ્દાઓનો ઉલ્લેખ કરતા સામાજિક કાર્યકર્તા મહેશ પંડ્યાએ કહ્યું કે,*

***(BYTE: MAHESH PANDYA, SOCIAL WORKER)***

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગા મ્યુઝિક

………………………………

# PORBANDAR JUNCK FOOD FREE VILLAGE

બાળકો અને ગ્રામજનોના આરોગ્યની જાળવણી માટે પોરબંદર તાલુકાના ગરેજ ગામે એક ઐતિહાસિક અને પ્રેરણાદાયી નિર્ણય લીધો છે. પાંચ અને **10** રૂપિયામાં મળતા તળેલા રમકડાં, ચિપ્સ, વેફર્સ, નમકીન અને ભુજિયા જેવા પેકેટબંધ નાસ્તાથી બાળકોના સ્વાસ્થ્યને ભારે નુકસાન થઈ રહ્યું હોવાનું ધ્યાને આવતા સમગ્ર ગામે એકસૂરે 'નો જંક ફૂડ' અભિયાન અપનાવ્યું છે.

આ નિર્ણય સાથે ગરેજ ગામ પોરબંદર જિલ્લાનું પ્રથમ 'નો જંક ફૂડ' ગામ બન્યું છે. ગામના **32** દુકાનદારોએ પોતાની આવક જતીને કરીને જંકફૂડ રહિત ગામ બનાવવાના સંકલ્પને સિધ્ધ કર્યો છે.

# B. N. DASTUR LECTURE

ગુજરાત વિધાનસભા ખાતે ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોના ઉપક્રમે જાણીતા મેનેજમેન્ટ એક્સપર્ટ પ્રોફેસર બી. એન. દસ્તૂર દ્વારા **'Motivation and Work Culture'** વિષય પર વ્યાખ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોફેસર દસ્તૂરે કાર્યક્ષમતા, કાર્યનિષ્ઠા, સમયનું મહત્વ તથા સકારાત્મક કાર્યસંસ્કૃતિ જાળવવા અંગેના વિવિધ કાર્યમંત્રો આપ્યા હતા.

# AN IMPORTANT ANNOUNCEMENT

પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત.

**(VC : PTC JAHERAT NEWS RNU)**

# NAVRATRI TRIJO DIVAS

આજે નવરાત્રિનો ત્રીજો દિવસ છે. આજે મા અંબાના ચંદ્ર ઘંટા સ્વરૂપનું પૂજન થાય છે. મા ચંદ્ર ઘંટાને દશ ભૂજાઓ અને મસ્તક પર અર્ધચંદ્ર છે તેમનું વાહન સિંહ છે. તેમની આરાધનાથી વિપતિઓનો નાશ થાય છે.

માતાજીના મસ્તક પર ઘંટ જેવા આકારનો અર્ધચંદ્ર શોભે છે, તેથી તેમને 'ચંદ્રઘંટા' કહેવાય છે. તેમનું સ્વરૂપ સુવર્ણ જેવી કાંતિવાળું, 10 ભુજાઓ અને 3 નેત્ર ધરાવતું છે. માંના હાથમાં ખડગ, ધનુષ-બાણ, ત્રિશૂળ સહિત વિવિધ શસ્ત્રો શોભે છે. મા ચંદ્રઘંટા શક્તિ, સાહસ, શાંતિ અને કલ્યાણના દેવી માનવામાં આવે છે.

# RANJI-TROPHY

અમદાવાદમાં ચાલી રહેલી રણજી મેચમાં ઓડિશાના 324 સામે ગુજરાતે પ્રથમ ઈનિંગમાં 2 વિકેટે 205 રનનો સ્કોર કર્યો હતો. અર્ઝાન નાગવાસવાલાની ત્રણ વિકેટ બાદ, ડેબ્યુ કરી રહેલા વેદાંત ત્રિવેદીએ નોટઆઉટ 94 અને આર્ય દેસાઈએ પણ 94 રન નોંધાવતા ગુજરાતે ઓડિશા સામેની રણજી ટ્રોફીની મેચમાં મક્કમ શરૂઆત કરી હતી.

સૌરાષ્ટ્રની ટીમે રાજકોટમાં ચાલી રહેલી છત્તીસગઢ સામેની રણજી મેચમાં 392 નો સ્કોર કર્યો હતો.